બનાસ ડેરીમાં શંકરભાઈ ચૌધરી પેનલનો ભવ્ય વિજય

પાલનપુર, તા. ૧૬

સમગ્ર સહકારી જગતની જેના પર મીટ મંડાયેલી હતી તે બનાસડેરીની ચૂંટણીના ઐતીહાસીક જંગનો આજે અંત આવતાં બનાસડેરીમાં શાસન પરિવર્તન માટે મેદાને પડેલી રાજ્યના મંત્રી અને સહકારી આગેવાન શંકરભાઈ ચૌધરીનાં નેતૃત્વવાળી આપણી પેનલનો વિજય થયો હતો. રાધનપુર બેઠક ઉપર શંકરભાઈ ચૌધરી સહીત ત્રણ બેઠકો બિનહરીફ થતાં આજે જાહેર થયેલા પરિણામોમાં ૧૧ માંથી ૮ બેઠકો પર આપણી પેનલનો વિજય થતાં જિલ્લાના સહકારી માળખામાં આનંદની લાગણી છવાઈ હતી અને પાલનપુર ખાતે વિનાયક પાર્ટી પ્લોટમાં વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. જ્યાં ચૂંટાયેલા સૌ ડિરેક્ટરોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

અભિવાદન સમારોહમાં જિલ્લાભરમાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને સંબોધતાં રાજ્યમંત્રી અને આપણી પેનલના પ્રણેતા શંકરભાઈચૌધરીએ જણાવ્યું હતું કે જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોએ અમારી પેનલમાં વિશ્વાસ મુકીને વિજય બનાવીને બનાસડેરીમાં પરીવર્તન આણ્યું છે.

૨૪ વર્ષે પરિવર્તન

ત્યારે સૌ પશુપાલકોએ મુકેલા વિશ્વાસને સાર્થક કરીશું. તેમણે ઉમેર્યું હતું કે જીત થવાથી અમારો બોજ વધ્યો છે. અમારો ચહેરો ગંભીર થયો છે. જિલ્લાના દૂધ ઉત્પાદકો, ખેડૂતો અને વિધવા કે છેવાડાના સમાજની બહેનો પણ સ્વમાનભેર જીવન ગુજારી શકે તે માટે પશુપાલકોનું હિત હૈયે રાખીને તે દિશામાં કામ કરીશું. બનાસડેરીના હાલના પડકારોની ચિંતા કરતાં તેમણે જણાવ્યું હતું કે બનાસડેરીને કરોડો રૂપીયાની લોન અને દેવામાંથી બહાર લાવીને બહારથી એક પણ રૂપીયાની લોન ન લેવી પડે તે પ્રમાણેની વ્યવસ્થા ઉભી કરીશું. સમગ્ર પરિણામોમાં પશુપાલકોને યશના ભાગીદાર ગણાવીને પશુપાલકોના હીતોની રક્ષા કરવાની ખાત્રી ઉચ્ચારી હતી. સાથે સાથે બનાસડેરીના વહીવટમાં ક્યાંક ગેરરીતી જણાશે તો કોઈને પણ બક્ષવામાં નહીં આવે તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી. તેમજ ક્યાંય પણ બદલવાની ભાવનાથી કામ ન કરવાની પણ ખાત્રી ઉચ્ચારીને ડેરીના અધિકારીઓ, સ્ટાફ, દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, મંત્રીઓ સાથે બંધુત્વની ભાવનાથી કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલ, જિલ્લા ભાજપના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, દિયોદર વિભઆગના ધારાસભ્ય અને જિલ્લા ભાજપના પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દિનેશભાઈ દવેએ પણ પ્રાસંગીક પ્રવચનો કરીને આપણી પેનલના સેનાપતી એવા મંત્રી શંકરભાઈ ચૌધરીને અભિનંદન પાઠવી સૌ દૂધ ઉત્પાદકોનો આભાર વ્યક્ત કર્યો હતો. બનાસડેરીના ચૂંટાયેલા ડિરેક્ટો સર્વ અણદાભાઈ પટેલ (કાંકરેજ), માવજીભાઈ દેસાઈ (ડીસા), પરથીભાઈ ચૌધરી (દાંતીવાડા), દિલીપસિંહ બારડ (દાંતા), ખેમજીભાઈ ચૌધરી (વાવ), તેજાભાઈ પટેલ (દિયોદર), રતનશીભાઈ પટેલ (ભાભર), ભાવાભાઈ દેસાઈ (અમીરગઢ), શ્રીમતી દેહીબેન રાઘાભાઈ આહીર (સાંતલપુર)એ પણ સૌ મતદારો, પશુપાલકો અને ખેડૂતોનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે શ્રી કેશરભાઈ ચૌધરી (વડગામ), શ્રી શામળભાઈ પટેલ (પાલનપુર) અને શ્રી તેજાભાઈ પટેલ (થરાદ)એ પણ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ડીસા બેઠક પર માવજીભાઈ દેસાઈએ ઈતિહાસ સર્જી વિજય મેળવ્યો

બનાસડેરીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું બુધવારે પરિણામ જાહેર થતાં મતદારોએ વર્ષોથી એક હથ્થુ શાસન ચલાવતા પરથીભાઈ ભટોળના શાસનને નેસ્તનાબૂદ કરી આપણી પેનલને ભવ્ય વિજય આપી પરિવર્તનની દિશા અપનાવી છે. જ્યારે બનાસડેરીની ચૂંટણીમાં સૌથી મોટા મતદાર વિભાગ ડીસામાં ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ દ્વારા ડીસા બેઠકના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને હરાવવાના અનેક પેંતરા રચ્યા હોવા છતાં મતદારોએ ૪૧ વર્ષથી બનાસડેરીમાં વાઈસ ચેરમેન તરીકે ચીપકી રહેલા જોરાભાઈ દેસાઈને હરાવી માવજીભાઈ દેસાઈ પર પૂર્ણ વિશ્વાસ મુકી જવલંત વિજય અપાવ્યો હતો.

બનાસડેરીની ચૂંટણી માટે ડીસા મતદાર વિભાગમાંથી આપણી પેનલમાંથી યુવા અગ્રણી અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ પરથીભાઈ ભટોળની પેનલમાંથી જોરાભાઈ વિસાભાઈ દેસાઈ વચ્ચે મુખ્ય જંગ જામ્યો હતો. બનાસડેરીમાં આ વખતે પરિવર્તનનો પવન ફૂંકાતા રાજયકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીની આપણી પેનલનો પહેલેથી જ દબદબો રહ્યો હતો. જેમાં ડીસા બેઠક પરથી માવજીભાઈ દેસાઈને મોટાભાગના મતદારોએ શરૂઆતથી જ ખુલ્લુ સમર્થન આપ્યું હતું. જ્યારે ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ પોતે ચૂંટણી લડતા હોય તે રીતે માવજીભાઈ દેસાઈને હરાવવાના કામે લાગી

ગયા હતા. મતદાનના બે દિવસ અગાઉથી જ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ દ્વારા મતદારોનો સંપર્ક કરી ધાક-ધમકી તેમજ લોભ-પ્રલોભનો આપી ભવિષ્યમાં પણ પોતાની જરૂર પડશે તેમ જણાવી મતદારોને જોરાભાઈ દેસાઈ તરફી મતદાન કરવા જણાવ્યું હતું. જો કે ડીસાના સુજ્ઞ મતદારોએ અકળ મૌન જાળવી રાખી મંગળવારે મતદાન દરમ્યાન આપણી પેનલના ઉમેદવાર માવજીભાઈ મગનભાઈ દેસાઈ તરફી મતદાન કર્યું હતું.

ત્યારે બુધવારે પાલનપુર ખાતે યોજાયેલ મત ગણતરીમાં આપણી પેનલના એક પછી એક ઉમેદવારો વિજેતા ઘોષિત થતાં બનાસડેરીમાં પરિવર્તનનો પવન ફૂંકાતો જોઈ જીલ્લાભરના પશુપાલકો અને આપણી પેનલના સમર્થકોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. બનાસ ડેરીમાં ડીસા વિભાગ મહત્વનો અને સૌથી વધુ મતદાર ધરાવતો વિભાગ હોવાથી તેમજ વર્ષોથી વીસ ચેરમેન પદે ડીસા બેઠકના જોરાભાઈ દેસાઈ બિરાજમાન થતાં હોવાથી આ વખતે પ્રતિષ્ઠા ભર્યો જંગ બન્યો હતો. જેમાં પણ યુવા સહકારી અગ્રણી અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસીને ડેરીની ચૂંટણીમાં હરાવવા ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ ખુદ મેદાનમાં ઉતર્યા હતા. પરંતુ મતદારોએતેમનેજાકારોઆપીડેરીમાં પારદર્શીવહિવટ અનેભ્રષ્ટાચાર મુક્ત શાસન માટે માવજીભાઈ દેસાઈની પસંદગી કરી હતી.

આંબામહુડામાં બાઈક જીપ સાથે ટકરાતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૬

પોશીના તાલુકાના આંબા મહુડા ગામે રવિવારે બાઈક નં. જીજે.૨૪.એલ.૭૩૩૫ને પુરઝડપે હંકારી બાબુભાઈ જગાભાઈ પરમારે જીપ નં. જીજે. ૧૫. સી. ૯૮૯૫ને પાછળથી ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. હિતેશસિંહ કકુસિંહ સિસોદીયાએ બાબુભાઈ પરમાર વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈમાંથી ૨૦ હજારનું બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે શુક્રવારે સ્ટેશન વિસ્તારમાં પાર્ક કરેલ બાઈક નં. જીજે.૯. એઆર.૯૩૮૪ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે સંદીપકુમાર જીતેન્દ્રકુમાર પરમારે રવિવારે ૨૦હજારની કિંમતનુંબાઈક ચોરાયાની ફરિયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ઈડરની આવરદા હોસ્પિટલ આગળ શનિવારે પાર્ક કરેલ બાઈક નં.જીજે.૦૯.એબી ૮૨૫૦ની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. રમેશભાઈ ધુળાભાઈ સગરે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મેઘરજ તાલુકાનો પેન્શનર ડે ઉજવાશે

મેઘરજ તાલુકાના નિવૃત્ત કર્મચારીઓનો પેન્શન ડે તા. ૧૭-૧૨-૨૦૧૫ ગુરુવારે મેઘરજ જલાસાંઈ મંદિર ખાતે સવારે ૯.૩૦ વાગે યોજાશે. અધ્યક્ષસ્થાને અરવિંદલાલ પુરુષોત્તમદાસ પંડયા રહેશે. જેથી તમામ નિવૃત્ત કર્મચારીઓએ ઉપસ્થિત રહેવા માટે પ્રમુખ સુરેશભાઈ કટારા અને મંત્રી નરેન્દ્રકુમાર પંડયા-કારોબારીએ જણાવ્યું છે.

ખેડબ્રહ્માના ઉંચીધનાલ ગામે નળમાં ગંદુ એસીડ જેવું પાણી આવતા રહીશો ચિંતિત

ખેડબ્રહ્મા, તા.૧૬

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચી ધનાલ ગામમાં કેટલાક વિસ્તારમાં અઠવાડીયામાં આપવામાં આવેલું

પીવાનું પાણી ગંદુ અને એસીડ જેવું છે જેથી ગામ લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે અને આવું ગંદુ પાણી પીવાથી રોગચાળો ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે.

ઉંચી ધનાલ ગ્રામ પંચાયતના સભ્ય પટેલ શાન્તાબેન ફુલજીભાઈ તથા શૈલેષકુમાર ફુલજીભાઈ પટેલના જણાવ્યા અનુસાર અમારા વિસ્તારમાં પીવાનું પાણી અઠવાડીયામાં બે દિવસ પુરું પાડવામાં આવે છે. આ વખતે આપવામાં આવેલું પીવાનું પાણી ગંદુ અને એસીડ જેવું છે. જે ઘણી જ દુર્ગંધ મારે છે આવું ગંદુ પાણી પીવાથી રોગચાળો ફેલાવાની પુરી વકી છે. ગામમાં પાણીની પાંચ ટાંકીઓ છે તેમ છતાં પીવાનું પાણી નિયમિત આપવામાં આવતું નથી. નળમાં પાણી આવવાનું હોય ત્યારે પહેલા દુર્ગંધ આવે છે અને પછી પાણી આવે છે. શૈલેષભાઈ પટેલે આક્ષેપ કર્યો હતો કે મેઈન પાણીની ટાંકીની સફાઈ કરે બે દશકા ઉપર સમય વિતી ગયો છે અને ટાંકી ઉપર ચડવા સીડી જ બનાવવામાં આવી નથી. આ અંગે શાન્તાબેન પટેલે પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી જેથી જો યોગ્ય પગલાં ભરવામાં નહીં આવે તો ગામમાં રોગચાલો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. આ અંગે તલાટી પી.સી. ડાભીએ જણાવ્યું હતું કે પાણીની લાઈન ઘણી જુની છે જે દુરસ્ત કરાવવામાં આવશે.

ધનસુરા પોસ્ટ ઓફિસમાં સ્ટેમ્પ પેપરની અછત

ધનસુરા, તા.૧૬

ધનસુરા તાલુકા મથક બન્યા પછી તાલુકા કક્ષાની કચેરીઓ કાર્યરત તો થઈ પરંતુ કેટલીક સામાન્ય સુવિધાઓ નાગરિકોને આપવામાં વિલંબ થઈ રહ્યો છે જેમ કે તાલુકા કક્ષાની પોસ્ટ ઓફીસમાં સ્ટેમ્પ પેપરની કાયમી અછત હોય છે. તેમાંય ખાસ કરીને ૨૦ સોગંદ નામા માટે જરુરી એવા રૂ. ૨૦નાં સ્ટેમ્પ પેપરની વધારે માંગ હોય છે ત્યારે હંમેશા તે સ્ટેમ્પ પેપર નાગરીકોને મળતા નથી અને સૌથી આશ્ચર્યની બાબત તો એ છે કે ખાનગી

ખાનગી સ્ટેમ્પ વેન્ડરનાં ત્યાં છૂટથી મળતા રૂ. ૨૦નાં સ્ટેમ્પ પેપર પોસ્ટ ઓફિસમાં ન મળતા નાગરિકોમાં રોષ

સ્ટેમ્પ પેપર વેન્ડરને ત્યાં કયારેય અછત હોતી નથી તેમાંય ખાનગી સ્ટેમ્પ વેન્ડર દ્વારા સ્ટેમ્પ ખરીદનાર નાગરિકને ફરજીયાત ત્યાં જ ટાઈપ કરાવવાનો આગ્રહ રાખવામાં આવતા નાગરીકોમાં રોષ જોવા મળે છે આ અંગે કેટલાક નાગરીકો દ્વારા જીપી કચેરી ખાતે લેખિત ફરીયાદ કરી નાગરિકોને સરળતાથી પોસ્ટ ઓફીસ દ્વારા સ્ટેમ્પ પેપર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગણી કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

ઊંઝામાંથી ૪૩ લાખની કિંમતનો ૨૬ ટન જીરાનો જથ્થો ભરેલી ટ્રક ગુમ

ઊંઝા, તા. ૧૬

વેપારી મથક ઊંઝા ખાતેથી એક વેપારીઓના રૂપિયા ૪૩ લાખ ઉપરાંતની કિંમતની મત્તાના ૨૬ ટન જીરાનો જથ્થો ભરીને મુદ્રા પોર્ટ જવા નીકળેલ ગુજરાત પાસિંગની એક ટ્રક માલ સાથે ક્યાંક ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાયેલ છે.

ઊંઝા શહેરમાં રહેતા અને કૃષિ ચીજોના નિકાસ વેપાર સાથે સંકળાયેલ નિરજકુમાર પ્રભુદાસ પટેલે ગત તા. ૯મી ડિસેમ્બરના રોજ રાત્રીના સમયે ટ્રક નં. જીજે.૧૨.બીટી.૧૪૨૩માં ૨૬ ટન જીરાનો માલ જેની કિંમત રૂપિયા ૪૩,૧૮,૬૦૦ની થાય છે. તે માલ કચ્છના મુદ્રા પોર્ટ મોકલવા માટે ભરાવેલ હતો. આ માલ ભરેલ ટ્રક નિયત જગ્યાએ ન પહોંચતા માર્ગમાં આડેતરથી સામખીયારી ચેક પોસ્ટ ટોલ ટેક્સ કચ્છ ભુજ વિસ્તારમાં માલ સગેવગે કરી વિશ્વાસઘાત કર્યા બાબતે નિકાસકારે ઊંઝા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસર ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

કરવેરા વિભાગનાં કર્મચારીઓ દિવાળીની બોણી ઉઘરાવવા નીકળતા પ્રજામાં આશ્ચર્ય

ધનસુરા, તા.૧૬

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં કેટલાક સરકારી કર્મચારીઓ જાહેરમાં દિવાળી બોણી ઉઘરાવવા માટે નજરે ચડતા પ્રજામાં આશ્ચર્ય સર્જાયું હતું. વરસાદની મોસમમાં ઠેર ઠેર દેડકા ફરતા જોવા મળતા હોય તેમ દિવાળીના થોડાક દિવસો પછી કરવેરા વિભાગના કેટલાક કર્મીઓ મશીનરી ઉત્પાદન કરતા કારખાનેદારને ત્યાં દિવાળી બોનસના નામે પોતાની સેટલમેન્ટની રકમ ઉઘરાવવા આવતા તેમની ભ્રષ્ટ નીતિ પ્રજા સમક્ષ ખુલ્લી પડી ગઈ હતી. ધનસુરા પંથકમાં કવોરીની મશીનરી અને ક્રશર બનાવવાના કારખાના મોટા પ્રમાણમાં જોવા મળે છે જેમાં કેટલાક પ્રમાણિક કારખાનેદારો નિયમિત કરવેરા ભરતા હોય છે જયારે કેટલાક કારખાનેદારો અને કરવેરા વિભાગના ભ્રષ્ટ અધિકારીઓની સાંઠગાંઠથી મોટા પાયે કરચોરી થતી હોવાની અનેક છતાં સબસલામતનાં ઢોલ પીટવામાં આવે છે ત્યારે બુટાલ પંથકમાં આવેલા એક કારખાનેદાર જમીન કૌભાંડથી ચર્ચાસ્પદ બનેલા તેમજ વૈભવી જીવન અને મોંઘીદાટ મોટરગાડીઓની ખરીદીથી વિવાદાસ્પદ રહ્યું હોવા છતાં સ્થાનિક તંત્રના ભ્રષ્ટ અધિકારીઓની રહેમ નજર હેઠળ સરકારી તિજોરીને મોટા પાયે નુકશાન થઈ રહ્યું હોવાનું પ્રજામાં ચર્ચાય છે. સરકારની તિજેરીને થતા નુકશાનને બચાવવા ઉપલા લેવલથી અધિકારીઓ સર્ચ ઓપરેશન હાથ ધરે તો સરકારની તિજોરીને થતું નુકશાન અટકાવી શકાય.

અરવલ્લી જિલ્લાના માર્ગો પર કચ્છી પરિવાર પરત ફર્યા

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખુલ્લા ખેતરોમાં પડાવ નાખીને ૮ મહિના સુધી જીવનનિર્વાહ ચલાવતા કચ્છ અને રાજસ્થાનના ભરવાડ સમાજના લોકો પરિવાર સહિત ચોમાસુ શરૂ થતા પોતાના વતન તરફ વાટ ભણી ચોમાસુ સીઝનમાં ખેતી પૂર્ણ કરી શિયાળાની શરૂઆત થતા જ પોતાના પશુ-ઘેટા-બકરા અને કુટુંબ કબીલા સહિત પશુધનને પીવાના પાણી અને ઘાસચારો મળી રહે તે માટે સૂકો વિસ્તાર છોડીને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખુલ્લી જમીન પર પડાવ નાખી પશુધન સાથે જીવનનિર્વાહ ચલાવી પશુપાલનનો વ્યવસાય કરી ખુમારીપૂર્વક જીવન ગુજારતા હોય છે. આવો જ એક પરીવાર જિલ્લાના માર્ગ પરથી પસાર થતો નજરે ચડતો હતો. જયારે કુમળા બાળપણને વિકાસ શું છે તે તો ખબર નથી પરંતુ આજના આધુનિક યુગમાં અદ્યતન સુવિધાઓ હાથવગી બની ગઈ છે. સુખી ઘરના બાળકો એસી કારમાં બેસી ભણવા શાળાએ જાય છે તો સિક્કાની બીજી બાજુ કેટલાય ગરીબ પરીવારો પાયાની સુવિધાથી વંચિત છે. ખેતરે ખેતરે ફરી પેટીયું રળતો પરિવાર નીકળ્યો હતો ત્યારે બે નાનકડા બાળક ગદર્ભ પર આરામથી સવારી કરતા નજરે ચડયા હતા. આ બાળકને મન તો જાણે શાહી સવારી હશે પરંતુ નાદાનને ખબર નથી કે આ સવારી મજા છે કે મજબૂરી?

ખેડબ્રહ્મામાં બ્રાહ્મણ સુવર્ણકાર સમાજના સમુહ લગ્ન યોજાયા

ખેડબ્રહ્મા, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાની શ્રી બ્રાહ્મણ સુવર્ણકાર સમાજ સમુહલગ્ન ઉત્સવ સમિતિ દ્વારા ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર પરિસરમાં બારમા સમુહ લગ્ન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજસ્થાન-મધ્યપ્રદેશ-ગુજરાતના બનાસકાંઠા-સાબરકાંઠા-અરવલ્લી તથા ભરૂચ અને સુરતમાં રહેતા બ્રાહ્મણ સોની સમાજના ૧૫ નવ દંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયાં હતા. હિંમતનગરના ફતેપુરના સોની પુખરાજજી ચુનીલાલજી પરિવાર તરફથી સમુહલગ્નના ભોજનનું દાન મળ્યું હતું. આ ઉપરાંત ચા-દૂધ-કોફી-શુધ્ધજળ માટે સમાજના સુખી દાતાઓ તરફથી દાન મળ્યું હતું.

રાજ્યના ૩૯ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર ૬૧૮.૭૦ લાખ નફો કરતું વન વિકાસ નિગમ

તલોદ, તા. ૧૬

ગુજરાત રાજ્યનાં વિવિધ નિગમો તેના અસ્તિત્વકાળથી એનકેન પ્રકારે ખોટ કરતાં સાલિયાણાં જ સાબિત થયાં છે. ત્યારે ૩૯ વર્ષના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ. એસને ૨૦૧૪-૧૫ના વર્ષમાં પ્રો. કે.એમ. ડિંડોરના સઘન નેતૃત્વ અને નોંખી કાર્યપદ્ધતિ તેમજ પારદર્શક વહીવટીય સૂઝને લઈને રૂ. ૬૧૮.૭૦ લાખ નફો કરીને રાજ્યનું પ્રથમ નફો કરતું નિગમ પુરવાર થયું છે. વન વિકાસ નિગમનું સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષનું કુલ ટર્નઓવર ૩૮.૯૯ કરોડ થયેલ છે. જે પાછળના વર્ષ કરતાં ૭૦ ટકાનો વધારો સૂચવતો હોવાનું તેની કાર્યવાહક સમિતિના સભ્ય સચિવશ્રીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.